


(B - 43)

## અમે પૂજારી રે સુવર્ણપુરીધામના

અમે પૂજારી રે સ્વર્ણપુરીધામના (૨)
પૂજન મંગળ કરીએ, પૂજારી રે....

માનસ્થંભદેવની સ્વર્ણજયંતી,
સુવર્ણપુરીમાં અચિંત્ય ઉજવાતી,
રત્ને વધાવું જિનરાજ......વધામણાં રે....માનસ્થંભદેવના

વિદેહક્ષેત્રે પ્રભુજી બિરાજતાં,
સમવસરણના ચારે દરવાજે,
જેને દેખીને માન ગળી જાય.....વધામણાં રે...

દિવ્ય ગુણાકર દેવ પધાર્યા,
દિવ્ય રવિના દિવ્ય તેજ પ્રકાશિયા,
દિવ્યતા ભરેલો માનસ્તંભ....વધામણાં રે...

અનંતગુણોના બાગ અહો ખીલ્યાં,
અનંત મહિમાવંત પધાર્યા.
અનુપમ ઉત્સવ થાય....વધામણાં રે....

આકાશે દેવદુંદુભિ ગાજતાં,
ગંધર્વોના ગીત મધુર ગુંજતા
અલૌકિક છે ગુરુરાજ, વધામણાં રે.....